Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT | EKLપંચકર્મ
ઉપનાહ સ્વેદન | પટ્ટબંધન
લેપન | અગ્નિકર્મ
વેદાગ્નિકર્મ | ક્ષારકર્મ
પંચકર્મ | વેદનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અયુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ તેરસ બુધવાર ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૦

પાનાં ૧૪+૧૬ કિંમત ₹ ૫.૦૦

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર એ વિકસતા ભારતની જીવનરેખા: મોદી

2,800 કિમી લાંબો ફ્રેટ કોરિડોર દેશને સમર્પિત

રેલવેના વિકાસના આંકડા રજૂ કરી પીએમ મોદીનો કટાક્ષ, "વિકાસના કાર્યોથી વિપક્ષ રૂપી 'નારાજ ફુફા'ને મળી ગયો નવો ફરિયાદનો મુદ્દો"

૨૫૦ ટ્રકોનો ભાર હવે એક જ ટ્રેનમાં, પીએમ મોદીએ ડબલ-સ્ટેક માલગાડીના વખાણ કરી વિપક્ષ પર સાધ્યું નિશાન

અમે 50000 રેલવે કોચ બનાવ્યા, કોંગ્રેસ 50000 શૌચાલય પણ ન બનાવી શકી

ભારત હવે "ચિપ્સથી લઈને શિપ્સ" સુધીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બની રહ્યું છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮: નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35,000 કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા.

આ વિકાસ કાર્યોની સાથેસાથે નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. અગાઉ ૫ સપ્ટેમ્બરના રોજ દિલ્હીની શ્રી રામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી સમારોહમાં પણ તેમણે દરેક નવી પહેલ પર સવાલ ઉઠાવનાર વર્ગને 'નારાજ ફુફા' કહીને સંબોધ્યા હતા, અને ફરી એકવાર આજ રોજ વડોદરા ખાતે પોતાના આ સંબોધનમાં તેમણે આ જ શૈલી અપનાવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજ રોજ વડોદરા ખાતે એમએસ યુનિવર્સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા ભારતીય રેલવેમાં થયેલા અભૂતપૂર્વ પરિવર્તનને ઉજાગર કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં રેલવે ક્ષેત્રે ક્રાંતિકારી બદલાવ આવ્યા છે અને સરકારે આ સમયગાળા દરમિયાન ૫૦,૦૦૦ નવા આધુનિક કોચ તથા માલગાડીઓમાં ૨,૫૦,૦૦૦ થી વધુ વેગન ઉમેર્યા છે, જેનાથી દેશના લોજિસ્ટિક્સ ક્ષેત્રને મોટો વેગ મળ્યો છે.

૨૦૧૪ પછી ભાજપ સરકારે ૫૦,૦૦૦ આધુનિક રેલવે કોચ અને ૨,૫૦,૦૦૦ થી વધુ વેગન બનાવ્યા છે, જ્યારે અગાઉની શાસન વ્યવસ્થા ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ શૌચાલય પણ બનાવી શકી ન હતી એમ મોદીએ પ્રહાર કર્યા.

નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, JNPT (મુંબઈ) અને વડોદરા વચ્ચે સફળતાપૂર્વક ડબલ-સ્ટેક કન્ટેનર માલગાડી ચલાવવામાં આવી હતી. આ અનોખી પદ્ધતિમાં એક કન્ટેનર પર બીજું કન્ટેનર ગોઠવવામાં આવે છે, અને આ એક જ ટ્રીપ દ્વારા મુંબઈથી વડોદરા સુધી પરિવહન કરાયેલા માલનો જથ્થો ૨૫૦ થી વધુ ટ્રકોના માલ જેટલો વિશાળ હતો, જે સમય અને ઈંધણ બંનેની મોટી બચત દર્શાવે છે.

પીએમ મોદીએ કટાક્ષ કરતા આગળ જણાવ્યું કે હવે આપણા 'નારાજ ફુફા' તરત જ ફરિયાદ કરવાનું શરૂ કરી દેશે કે ટ્રક ડ્રાઈવરોનું શું થશે, ટ્રકો ક્યાં જશે અને જેમણે ટ્રક ખરીદ્યા છે તેમનું શું થશે ? આ રીતે તેમણે કટાક્ષ કર્યો કે વિરોધીઓ પાસે હંમેશાં સરકારના દરેક રચનાત્મક પગલા સામે ફરિયાદ કરવા માટે કોઈને કોઈ નવો વિષય મળી જ રહે છે.

પીએમ મોદીએ સંસ્કૃતિનો દાખલો આપતા કહ્યું કે જેમ લગ્નપ્રસંગોમાં કેટલાક ફૂવા ગમે તે કરો તો પણ રિસાયેલા જ રહે છે, તેમ વિપક્ષી નેતાઓ પણ "નારાજ ફુફા" જેવા છે. તેઓ દેશના વિકાસ સામે પણ ફરિયાદો જ શોધશે. હવે તેઓ એવું કહેશે કે "ટ્રક ડ્રાઈવરોનું શું થશે? ખરીદેલા ટ્રકોનું શું થશે?" (અગાઉ ૫ સપ્ટેમ્બરે દિલ્હીની SRCC કોલેજમાં પણ પીએમે આ શબ્દપ્રયોગ કર્યો હતો).

રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સની ક્રાંતિ:

ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેન: જેએનપીટીથી વડોદરા વચ્ચે એક પર બીજું કન્ટેનર ગોઠવીને સફળતાપૂર્વક ચલાવવામાં આવેલી આ ટ્રેને 250 થી વધુ ટ્રકો જેટલો માલ એક જ ટ્રીપમાં પહોંચાડ્યો છે.

ઝડપ અને બચત: ફ્રેટ કોરિડોર પર જે મુસાફરી પહેલા 30 કલાક લેતી હતી તે હવે 10 થી 12 કલાકમાં પૂર્ણ થશે, જ્યારે 100 કિમીની મુસાફરી અડધાથી પણ ઓછા સમયમાં પૂરી થશે.

ઉત્પાદન ક્ષમતા: 2014 પછી ભારતમાં 50,000 આધુનિક રેલ કોચ અને 2,50,000 થી વધુ વેગન બનાવવામાં આવ્યા છે. આ વર્ષે રેલવે બજેટ □2.75 લાખ કરોડ રાખવામાં આવ્યું છે.

યુપીએ શાસન પર પ્રહાર: પીએમ મોદીએ ઉમેર્યું હતું કે 2004માં વિચારાયેલો અને 2006માં કંપની રચાયેલો આ પ્રોજેક્ટ 2014 સુધી ફાઈલોમાં અટવાયેલો રહ્યો હતો. 2014 પછી અમારી સરકારે તેને ઝડપ આપીને પૂર્ણ કર્યો છે.

મોદીના વડોદરા કાર્યક્રમ માટે પહેલી વાર બુકમાયશો પર મફત રજિસ્ટ્રેશન

1 કલાકમાં તમામ સીટો ફુલ, 42 હજાર વેટિંગમાં

અમદાવાદ, તા. 8: વડા પ્રધાન નરેન્દ્ર મોદી 8 સપ્ટેમ્બરે વડોદરાના પ્રવાસે હતા. આ દરમિયાન એક ખાસ પ્રયોગ પણ જોવા મળ્યો. પ્રથમ વખત વડા પ્રધાનના કોઈ સાર્વજનિક કાર્યક્રમ માટે લોકોને બુકમાયશો પ્લેટફોર્મ દ્વારા મફત રજિસ્ટ્રેશનની તક આપવામાં આવી. વડોદરા મહાનગરપાલિકા (વીએમસી)એ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન સંભાળવામાં આ ખાનગી ટિકિટિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો. 'નમો ફોર વિકસિત ભારત' નામે યોજાયેલો આ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન શરૂ થયાના એક કલાકની અંદર તમામ ઉપલબ્ધ સીટો બુક થઈ ગઈ હતી. આ સિવાય 42,000થી વધુ લોકોને વેટિંગ લિસ્ટમાં રાખવામાં આવ્યા. ત્યાર બાદ રજિસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું હતું.

'મોદીજી ઓરા': વડોદરામાં યુવાઓમાં છવાયો 'નમો' ઉત્સાહ

રેમ્પ પર ચાલીને યુવાઓનું અભિવાદન ઝીલ્યું

મિમ કલ્ચર, ડિજિટલ કન્ટેન્ટ અને સ્પોર્ટ્સ ઇવેન્ટ જેવી રજૂઆતથી કાર્યક્રમ બન્યો યાદગાર

(પ્રતિનિધિ) વડોદરા તા.8 વડોદરામાં યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રભાવશાળી 'ઓરા' સમગ્ર કાર્યક્રમ દરમિયાન જોવા મળ્યો હતો. પરંપરાગત કાર્યક્રમોથી અલગ, યુવાઓ સાથે સીધો અને જીવંત સંવાદ સ્થાપિત થાય તેવો માહોલ સર્જાયો હતો. મંડપની વચ્ચે તૈયાર કરાયેલા વિશેષ રેમ્પ પરથી વડાપ્રધાન યુવાઓ વચ્ચે ચાલીને પહોંચ્યા અને તેમની સાથે આત્મીયતા વ્યક્ત કરી હતી.

રેમ્પ પર વડાપ્રધાનના આગમન સાથે જ યુવાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હર્ષનાદ અને ઉલ્લાસભેર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રેન્ડિંગ સોંગ્સ અને ટ્યુન સાથે તેમના આગમનને વધાવતા યુવાનો ઝૂમી ઉઠ્યા હતા, જ્યારે મોદીએ પણ યુવાઓની ઊર્જાને સહજતાથી સ્વીકારી હતી.

યુવા પેઢી સાથેના સંવાદ દરમિયાન મોદીએ આજના યુવાનોમાં લોકપ્રિય 'મિમ કલ્ચર'ની ભાષાશૈલીનો પણ સહજ ઉપયોગ કર્યો હતો. ગંભીર અને મહત્વપૂર્ણ મુદ્દાઓને સરળ, રમૂજી અને યુવાનોને સ્પર્શે તેવી શૈલીમાં રજૂ કરતાં તેમણે વાતાવરણને હળવું

...અનુસંધાન પાના 13 પર

દિલ્હી ડાયરી

ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં વિદેશ મંત્રાલયની ભૂમિકા

દિલ્હી અને બાંગ્લાદેશ બંનેના રાજદ્વારી વર્તુળો વિદેશ મંત્રાલયમાં સક્રિય એક શક્તિશાળી લોબીથી ભારે આશ્ચર્યચકિત છે, જે ભારત-બાંગ્લાદેશ સંબંધોને સુધારવાના પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં ભૂમિકા ભજવી રહી છે.

દિલ્હીના સત્તાના ગલિયારાનાં સૂત્રો જણાવે છે કે, નરેન્દ્ર મોદી સરકારે બિન-ભારતીય વિદેશ સેવા (આઈએફએસ) વ્યક્તિ અને રાજકારણી દિનેશ ત્રિવેદીની બાંગ્લાદેશમાં ભારતના હાઈકમિશનર તરીકે નિમણૂક કરી હોવાથી મંત્રાલય કદાચ નારાજ છે. ભારતીય રાજદૂતો સાથેની એક બેઠકમાં વડા પ્રધાન મોદીએ આપણા પડોશમાં વધુ બિન-આઈએફએસ રાજદૂતોની નિમણૂક કરવાનો સંકેત આપ્યો હતો. પડોશી દેશો વચ્ચે વધી રહેલા અંતરને પૂરું કરવા માટેના ત્રિવેદીના પ્રયાસો–જેમાં બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનને ભારતની મુલાકાતની તારીખો માટે સંમત કરવા સુધીનો સમાવેશ થાય છે–ને બધાએ પસંદ કર્યા ન હતા. તારીખો લીક થયા

...અનુસંધાન પાના 13 પર

ક્રૂડ ઓઈલ 100 ડોલરને પાર: ભારતનો આયાત ખર્ચ વધશે

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ભડકતાં મોંઘવારીનું જોખમ ઘેરાયું, ઓઈલ કંપનીઓ પર દબાણ વધતાં એલપીજી સિલિન્ડર અને ઈંધણના ભાવ ભડકે બળવાની આશંકા

ભારતીય ક્રૂડ બાસ્કેટ પ્રતિ બેરલ 100.75 ડોલર પર પહોંચી, હોર્મુઝ સ્ટ્રેટથી શિપમેન્ટ ઘટતાં રિફાઇનરીઓ અને એરલાઇન્સ કંપનીઓની ચિંતા વધી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ગ્લોબલ સપ્લાય ખોરવાવાની આશંકા વચ્ચે મંગળવારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ના ભાવમાં ભડકો થયો છે. બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ 100 ડોલરની સપાટીની અત્યંત નજીક પહોંચતાં ભારત માટે ક્રૂડનું આયાત બિલ વધવાની સાથે દેશમાં ફુગાવાનું દબાણ વધવાની શક્યતા ઊભી થઈ છે.

સાઉદી અરેબિયાના ઊર્જા માળખા પર થયેલા હુમલા અને ઈરાન-અમેરિકા વચ્ચેના તણાવને કારણે બ્રેન્ટ વાયદો 2%થી વધુ વધીને 99 ડોલર અને યુએસ WTI ક્રૂડ 3% વધીને 94 ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચ્યો છે.

વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓઈલ આયાતકાર દેશ ભારત માટે આ સ્થિતિ ચિંતાજનક છે, કારણ કે ભારત પોતાની જરૂરિયાતનું 88 ટકાથી વધુ કાચું તેલ આયાત કરે છે. ઓઈલ મંત્રાલયની PPACના આંકડા મુજબ, સપ્ટેમ્બરમાં ભારતીય ક્રૂડ બાસ્કેટની સરેરાશ કિંમત 100.75 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે, જે ઓગસ્ટમાં 90.19 ડોલર હતી. આ ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જુલાઈ દરમિયાન ભારતનું ઓઈલ આયાત બિલ 56% વધીને 63.4 બિલિયન ડોલર (આશરે રૂ. 5.61 લાખ કરોડ) નોંધાયું છે.

હાલમાં દેશમાં પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ છેલ્લા ત્રણ મહિનાથી સ્થિર છે. પરંતુ ક્રૂડના વધતા ભાવને કારણે ઈન્ડિયન ઓઈલ (IOCL), ભારત પેટ્રોલીયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલીયમ (HPCL) જેવી સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના માર્જિન પર ભારે દબાણ આવશે અને ઓટો ફ્યુઅલ પરનું માર્જિન નેગેટિવ થવાની આશંકા છે. રેટિંગ એજન્સી ઈકરાના જણાવ્યા મુજબ, રાંધણ ગેસ (LPG) પર સ્થાનિક અંડર-રિકવરી

...અનુસંધાન પાના 13 પર

મુંબઈના BKC મોલમાં નકલી PMO આઈડી અને હથિયાર સાથે 2ની અટકાયત

મુંબઈમાં પીએમ મોદીના કાર્યક્રમ સાથે સંબંધ ન હોવાની મુંબઈ પોલીસની સ્પષ્ટતા

PMOમાં નોકરીના નકલી પત્રથી ઠગાઈનો ભોગ બન્યાનો આરોપીના વકીલનો કોર્ટમાં દાવો

રોહન પારેખ

મુંબઈ, તા. 8 (પીટીઆઈ): મુંબઈમાં વડા પ્રધાન મોદીના કાર્યક્રમ પહેલાં પોલીસે બે શંકાસ્પદોની ધરપકડ કરી છે. પોલીસે બંનેને સોમવારે પકડ્યા હતા જેની માહિતી મંગળવારે સામે આવી હતી.

મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સ્થિત જિયો વર્લ્ડ પ્લાઝા મોલમાં સશસ્ત્ર બોડીગાર્ડ અને વડા પ્રધાન કાર્યાલય (PMO)ના નકલી ઓળખપત્ર સાથે પ્રવેશવાનો પ્રયાસ કરનાર બે શખ્સો - રોહાન પારેખ (24) અને તેના બોડીગાર્ડ દિલીપ કુંડે (49)ને સ્થાનિક મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે 11 સપ્ટેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. મુંબઈ પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ ઘટના સોમવારે સાંજે બની હતી અને તેને મંગળવારે યોજાયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬' કાર્યક્રમ સાથે કોઈ સંબંધ નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, સોમવારે મોલમાં પ્રવેશતી વખતે ગાર્ડે દિલીપ કુંડે પાસે લોડેડ પિસ્તોલ જોઈને રોક્યો હતો. કુંડેએ રોહાન પારેખનો સંપર્ક કરતાં, પારેખે સિક્યુરિટીને સ્માર્ટફોનમાં PMOનું નકલી સ્ક્રિનશોટ આઈડી કાર્ડ બતાવ્યું હતું. કાર્ડમાં ગંભીર વિસંગતતાઓ જણાતાં પોલીસે CCTV અને કારના નંબર પરથી બંનેની ધરપકડ કરી

...અનુસંધાન પાના 13 પર

યુકેમાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ ખોરવાઈ: સેંકડો ફ્લાઈટ્સ રદ

ભારત આવતી-જતી વિમાની સેવાને પણ અસર

લંડન, તા. 8 (PTI): યુકેના એર ટ્રાફિક કંટ્રોલને અસર કરતી એક ટેક્નિકલ ખામીના કારણે મંગળવારે સમગ્ર યુકેના એરપોર્ટ પર સેંકડો ફ્લાઈટ્સ રદ કરાઈ હતી, જેમાં ભારત આવતી-જતી લાંબા અંતરની ફ્લાઈટ્સના વિલંબ અને રદ થવાનો પણ સમાવેશ થાય છે.

યુકેની એર ટ્રાફિક કંટ્રોલ અને એરસ્પેસ મેનેજમેન્ટની અગ્રણી કંપની 'નેશનલ એર ટ્રાફિક સર્વિસિસ' (એનએટીએસ)એ જણાવ્યું હતું કે, તેણે તેની ફ્લાઈટ પ્રોસેસિંગ સિસ્ટમમાં આ સમસ્યા ઓળખી કાઢી છે અને તેને ઠીક કરી દીધી છે.

જોકે, આ વિલંબની આડઅસર આગામી કેટલાક કલાકો સુધી ચાલુ રહેવાની અને બુધવાર સુધી પણ લંબાવાની ધારણા છે.

એનએટીએસએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમે સમસ્યાનું સમાધાન કરી લીધું છે અને અમારી ફ્લાઈટ સિસ્ટમ પુનઃપ્રાપ્ત થવા લાગી છે."

નિવેદનમાં વધુમાં ઉમેર્યું હતું કે, "અમે પરિસ્થિતિને સામાન્ય કરવા માટે અમારી એરલાઈન અને એરપોર્ટ ગ્રાહકો સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખ્યું છે. આજે લોકોની મુસાફરીમાં પડેલી અડચણ માટે અમે અત્યંત દિલગીર છીએ." લંડનના હિથ્રો, ગેટવિક અને સ્ટેન્સ્ટેડ તેમ જ ઈંગ્લેન્ડના ઈસ્ટ મિડલેન્ડ્સ ક્ષેત્રના દૂરના એરપોર્ટ પર ટેક-ઓફ અને લેન્ડિંગના શિડ્યુલમાં ભારે મુશ્કેલી પડી હતી, જેમાં કેટલીક ફ્લાઈટ્સને યુરોપના અન્ય એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. હિથ્રો ખાતે પ્રારંભિક તબક્કે ઉપડતી

...અનુસંધાન પાના 13 પર

સિંગાપોરમાં મંત્રીઓના પગારમાં બમ્પર વધારો: PMનો પગાર વધીને રૂ. 31.86 કરોડ

વિશ્વમાં સૌથી વધુ પગાર મેળવતા સિંગાપોરના મંત્રીઓના વેતનમાં 15 વર્ષે મોટો ઉછાળો

સૌથી નીચલા ગ્રેડના મંત્રીનો વાર્ષિક પગાર આશરે □રૂ. 15.93 કરોડ થશે

વડા પ્રધાનનો પગાર વિશ્વના અન્ય દેશોના વડાઓ કરતાં સૌથી વધુ

મંત્રીઓને ઊંચો પગાર આપવાથી ભ્રષ્ટાચારનું જોખમ ઘટે છે: સરકાર

સામાન્ય નાગરિકની આવકની સરખામણીએ મંત્રીઓનો પગાર અત્યંત વધારે હોવાથી વિરોધ થઈ રહ્યો છે

કુઆલાલુમ્પુર, તા. 8 (એપી): દુનિયામાં સૌથી વધુ પગાર મેળવતા મંત્રીઓમાં ગણાતા સિંગાપોરના કેબિનેટ મંત્રીઓને 15 વર્ષમાં પહેલીવાર પગાર વધારો મળવા જઈ રહ્યો છે. વડા પ્રધાન લોરેન્સ વોંગે મંગળવારે સંસદમાં જાહેરાત કરી હતી કે જો પગારમાં ફેરફાર નહીં થાય તો રાજકારણમાં શ્રેષ્ઠ પ્રતિભાવંત લોકોને લાવવા મુશ્કેલ બનશે.

નવા પગાર માળખા મુજબ, સૌથી નીચલા ગ્રેડના મંત્રીનો વાર્ષિક બેન્ચમાર્ક પગાર 11 લાખ સિંગાપોર ડોલરથી વધીને 18 લાખ સિંગાપોર ડોલર (આશરે રૂ. 15.93 કરોડ) થશે. જ્યારે વડા પ્રધાનના બેન્ચમાર્ક પગારમાં 60 ટકાથી વધુનો વધારો થશે અને તે 22 લાખથી વધીને 36 લાખ સિંગાપોર ડોલર (આશરે 31.86 કરોડ) થશે. મંત્રીઓની સાથે અન્ય ધારાસભ્યોના પગારમાં વધારો કરાશે.

સિંગાપોરમાં મંત્રીઓનો પગાર એ ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે, કારણ કે ત્યાંના મંત્રીઓ સામાન્ય નાગરિકો કરતાં ઘણું વધારે કમાય છે અને વડા પ્રધાનનો પગાર વિશ્વના અન્ય દેશોના વડાઓ કરતાં સૌથી

...અનુસંધાન પાના 13 પર

સિંગાપોરના પીએમનો પગાર મોદી કરતા 135 ગણો

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વાર્ષિક પગાર આશરે રૂ. 20 લાખ છે. તે સરખામણીએ સિંગાપોરના વડા પ્રધાનનો નવો પગાર ભારતના વડા પ્રધાન કરતાં આશરે ૧૩૫ ગણો વધુ હશે.

અન્ય દેશોના વડાઓ સાથે તુલના:
લોરેન્સ વોંગ રૂ.31.86 કરોડ સાથે વિશ્વમાં સૌથી વધુ પગાર મેળવતા રાષ્ટ્રાધ્યક્ષ બન્યા છે.

હોંગકોંગ ચીફ એક્ઝિક્યુટિવ: 719,000 ડોલર (આશરે રૂ. 6.03 કરોડ)
સ્વિટ્ઝરલેન્ડના પ્રમુખ: 606,000 ડોલર (આશરે રૂ. 5.08 કરોડ)
યુએસ પ્રમુખ (ડોનાલ્ડ ટ્રમ્પ): 400,000 ડોલર (આશરે રૂ. 3.35 કરોડ)
યુકેના વડા પ્રધાન: 230,000 ડોલર (આશરે રૂ. 1.93 કરોડ)

તા. ૦૮-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૭૯૯ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૫.૪૧ ફૂટ	આઉટફ્લો ૬૨૦૬ ક્યુસેક
તાપમાન	મહત્તમ 33.3 સે.	લઘુત્તમ ૨૬.૬ સે. / ભેજ ૬૮%